અપીલ અરજી નં.૬૧૩ તા.૭–૨–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નાસીરખાન સીમેન્ટવાલા
સામાવાળાઃ– સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નાસીરખાન સીમેન્ટવાલાની તા. ૨૬–૧૨–૧૧ની અરજીથી સુમપા લીંબાયતઝોનમાં ન્યુ. રામદેવ સોસા. સુરત મર્કન્ટાઈલ કો.ઓ. બેંકની સામે, મેઈન રોડ ભાઠેના ટીપી ન.૭ ના બાંધકામ બાબતેની મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૭–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૧૩/૨૦૧૧–૧૨

શ્રી નાસીરખાન સીમેન્ટવાલાની તા. ૨૬–૧૨–૧૧ની અરજીથી સુમપા લીંબાયતઝોનમાં ન્યુ. રામદેવ સોસા. સુરત મર્કન્ટાઈલ કો.ઓ. બેંકની સામે, મેઈન રોડ ભાઠેના ટીપી ન.૭ ના બાંધકામ બાબતેની મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૭–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા /ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૭૭૭ તા.૧૭–૨–૧૨ થી** સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તથા અરજદારને મૂળ અરજીથી માંગેલ માહિતી, ફી ભર્યાની વિગત સહ તબદીલી પત્રોનો સંદર્ભ તથા નારાજગી અંગે જાહેર માહિતી અધિકારીદીઠ આધાર સહ રજુઆત કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી મુળ અરજીની નકલ, કલેકટરશ્રી તરફથી ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી સુમપાને તબદીલ થયેલ પત્રની નકલ, ડે.કમિ. સુમપા તરફથી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયત, ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ) તથા વીજીલન્સ અને ઈન્સ્સ્પેકશન ઓફિસરને તબદીલ કરેલ પત્રનીન કલ, નગર નિયોજક તરફથી પત્ર નં.ટીડીઓ/૪૩૭ તા.૩–૧–૧૨ થી કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને તબદીલ થયેલ પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૮–૨–૧૨ ના પૂરક પત્રથી મુળ અરજીની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૬–૧૨–૧૧ ની એક જ વિગતેની ભારતીય ગૈર ન્યાયિક રૂા.૨૦/– ના જુદા જુદા સ્પેમ્પપેપર ઉપર એક અરજી કલેકટર જિલ્લા સેવાસદન , નાનપરા અને એક અરજી મ્યુ. કમિ.શ્રીને સંબોધીને મધ્યસ્થ કચેરી સુમપાને તા.૨૬–૧૨–૧૧ ના રોજ આપવામાં આવેલ. જે નગર નિયોજક અને મ. જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીડીઓ/૪૩૭ તા.૩–૧–૧૨ થી મ. જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર સા.ઈ.ઝોન લીંબાયતને તબદીલ કરવામાં આવેલ. જયારે કલેકટરશ્રીને કરવામાં આવેલ અરજી જનસંપર્ક અધિકારી અને જાહેર માહિતી અધિકારી તરફથી ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી સુમપાને તબદીલ કરવામાં આવેલ. જે ડે.કમિ. તરફથી સુમપા તરફથી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયત, ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ) તથા વીજીલન્સ એન્ડ ઈન્સ્સ્પેકશન ઓફિસરને તબદીલ કરવામાં આવેલ. જે અંગે લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/ ૩૪૨૮ તા.૧૮–૨–૧૨ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારની અરજીના મુદ્દ ાનં.(૧) ટીપી સ્કીમ નં.૭ માં ન્યુ રામદેવનગર સોસા. બનેલી છે અને તેમાં કુલ કેટલા સીઓપી (કોમન ઓપન પ્લોટ) આવેલ છે? અને સીઓપી જગ્યામાં કયા કયા પ્રકારનું ગેરકાયદેસર બાંધકામ થયેલ છે? તેની વિગતવાર માહિતી આપશોજી. મુદ્દા નં.(૨) સદરહુ ન્યુ રામદેવનગર સોસા. માટે સુમપાના કયા કયા વિભાગો ધ્વારા પરવાનગી કે એનઓસી આપવામાં આવી છે? તેની નકલો અને પત્ર વ્યવહારની કોપીઓ

આપશોજી. તેવા મુદ્દા નં.૧ અને ૨ બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટીપી સ્કીમ નં.૭ (આંજણા) ફા.પ્લોટ નં.૧૫૯ વાળી મિલ્કતમાં ટીડીઓ/૧૬૫ તા.૨૪–૧૦–૦૨ થી બાંધકામની વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે. મંજુર પ્લાન મુજબ સીઓપી દર્શાવવામાં આવેલ છે જેની રજાચિઠ્ઠીની નકલ નંગ–૧ પૂરી પાડવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) ન્યુ રામદેવનગર સોસા.ના સીઓપી જગ્યામાં હાલમાં ગેરકાયદેસર બાંધકામ થઈ રહેલ છે એ સંદર્ભે લીંબાયતઝોન , મ્યુ. કમિ.શ્રીએ વીજીલન્સ વિભાગ સુમત મનપાને કોઈ લેખિતમાં કુલ કેટલી ફરીયાદો મળી છે? આ ફરીયાદોનો શું નિકાલ કરવામાં આવ્યો છે? જો કોઈ કાર્યવાહી સંબંધિત વિભાગ ધ્વારા થઈ હોય તો ગેરકાયદેસર બાંધકામ તોડવાની નોટીસ કે બાંધકામ દુર કરવાની નોટીસ આપવામાં આવી છે ખરી? અને જો આપવામાં આવી હોય તો તેની નકલો આપશોજી. મુદ્દા નં.(૪) ન્યુ. રામદેવનગર સોસા.ના સીઓપી વાળી જગ્યામાં તથા માર્જીનવાળી જગ્યાએ ગેરકાયદેસર બાંધકામ થયું હોય તો આ વોર્ડના લીંબાયતઝોન શહેર વિકાસ વિભાગના કયા સ્તરના અધિકારીની જવાબદારી શું બને? સાઈટ સુપરવાઈઝર, જુની. ઈજનેર આસી. ઈજનેર કે ડે.ઈજનેર સામે શું પગલા લેવામાં આવ્યા છે ખરા? તેવા મુદ્દા નં.૩ અને ૪ બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પ્રશ્નવાળી મિલ્કતમાં સીઓપીની જગ્યામાં કોઈ પણ પ્રકારનું બાંધકામ થતું હોવાનું ધ્યાને આવેલ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૫) ન્યુ રામદેવનગર સોસા.ના ટીપી સ્કીમ નં.૭ અર્બન લેન્ડ સીલીંગ એકટ (યુએલસી) ની કુલ કેટલી જમીનો આવેલી છે તેના ફા.પ્લોટ નંબર કયાકયા છે? જો જગ્યા યુએલસીની હોય તો મંજુર પ્લાન વિરુધ્ધ કેટલું બાંધકામ થયેલ છે? તેની જે તે વિભાગની પાસે માહિતી છે ખરી? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આ.નં.૩૩૮૨ તા.૧૬–૨–૧૨ થી મે. કલેકટરશ્રી અર્બન લેન્ડ સીલીંગ યુએલસી શાખા પ્રતિ આંશિક તબદીલ કરવામાં આવેલ છે. મુદ્દા નં.(૬) ન્યુ રામદેવનગર સોસા.ના ટીપી સ્કીમ નં.૭ માં હાઈટેન્શન (એચ.ટી.લાઈન) નીચે કુલ કેટલા બાંધકામો આવેલા છે? તેની સંખ્યા કેટલી ૬૬,૦૦૦કે.વી. વોલ્ટેજની એચ.ટી.લાઈન નીચે આવેલા ગેરકાયદેસરના બાંધકામો, એપાર્ટ, બીલ્ડીંગો, રો હાઉસો, કોમર્શીયલ બાંધકામો તોડવાની જવાબદારી કલની છે? આ બાબતે કોઈ સક્ષમ અધિકારી ધ્વારા કાર્યવાહી સુમપા ધ્વારા કયા જવાબદાર વિભાગોએ કરી છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી એવો કોઈ રેકર્ડ નિભાવવામાં આવતો નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૭) ન્યુ રામદેવનગર સોસા.ના ટીપી સ્કીમ નં.૭ માં બંધાયેલા એપાર્ટ., બીલ્ડીંગ અને મનપાએ બીયુસી સર્ટીફીકેટ આપ્યા છે ખરા? જો આપ્યા હોય તો તેની નકલ આપશોજી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પ્રશ્નવાળી મિલ્કતમાં આપવામાં આવેલ બીયુસી ની નકલ નંગ–૧ પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.(૮) ન્યુ રામદેવનગર સોસા.ના ટીપી સ્કીમ નં.૭ માં કયા ફાયનલ પ્લોટ, ઓપન પ્લોટ ફાળવેલા છે. આ નંબરો કયા રેવન્યુ સર્વે નંબરોથી અને આ ટીપીમાં બ્લોક નંબરોથી નોંધાયેલા છે? જો ફાયનલ પ્લોટ/ઓપન પ્લોટ ન હોય તો જયાં નિયમોનુસાર કયા રેવન્યુ સર્વે નંબરો અને બ્લોક નંબરોમાં બાંધકામ થયેલ છે.? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પ્રશ્નવાળી મિલ્કતમાં સમાવેશ ટીપી સ્કીમ નં.૭ (આંજણા) ફા.પ્લોટ નં.૧૫૯ , રે.સ. નં.૩૩+૩૪/૧+૨ થાય છે. તેવું જણાવેલ છે. મુદ્દ નં.(૯) ન્યુ રામદેવનગર સોસા.ના ટીપી સ્કીમ નં.૭ ના ફા.પ્લોટ/ઓપરપ્લોટ/બ્લોક નંબરો/રેવન્યુ સર્વે નંબરોના માલિક કોણ છે? તેમના નામ, સરનામા આપવા? મુળ એડુતોના નામ સરનામા પણ આપવા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડ મુજબ માલિક/કબ્જેદાર શ્રી ભલાભાઈ ભાગંડભાઈ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૧૦) સદરહુ એસ્ટેટ ખાતે નિયમોનુસાર રાખવા જોગ સીઓપીની માલીકી કોની છે? હાલમાં સીઓપીની જગ્યા ખુલ્લી મળી છે ખરી? જો હોય તો કોના કબ્જા હેઠળ છે? કયાં છે અને કેટલા માપની છે? જો સીઓપીની જગ્યા ખુલ્લી જ ન હોય તો તેના કયા પ્રકારનું કોના કબ્જા સહિતનું કેટલા માળનું કેટલું બાંધકામ છે? અને તે સામે કયા પ્રકારની શિક્ષાત્મક કાર્યવાહી થઈ શકે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સીઓપીની માલીકી સોસા.ના રહીશોની છે તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૧૧) સદરહુ એસ્ટેટ ખાતે માર્જીનની જગ્યાઓમાં હાલમાં કયાં પ્રકારના બાંધકામો છે? કેટલા માપના? કોની માલિકીના ? આ માર્જીનની જગ્યા જો ખુલ્લી હોત તો કયા હેતુસર તેનો ઉપયોગ થઈ શકતે? અને ખુલ્લી મળી શકતી નથી? તો તે અંગે કયા પ્રકારની કામગીરી થઈ શકે છે? તેના પરિણામ શું આવી શકે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માર્જીનવાળી જગ્યામાં કોઈ પણ પ્રકારનું બાંધકામ થતું હોવાનું ધ્યાને આવેલ નથી. તેવું જણાવેલ છે.

આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી એક જ વિગતે આવેલ બંને અરજીઓ પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી કલેકટરશ્રી તરફથી તબદીલ થયેલ અરજી બાબતેની માહિતી પૂરી પાડેલ છે. આમ અરજદારને માહિતી મળી ગયેલ ગણાય. પરંતુ આરટીઆઈ એકટની કલમ–૬(૧) મુજબ દરેક અરજી સ્વતંત્ર છે. અને અરજદારે ભારતીય ગૈર ન્યાયિક જુદા જુદા સ્ટેમ્પ ઉપર અલગ અલગ અરજી કરેલ હોય દરેક અરજીનો પ્રત્યુત્તર પાઠવવાનો રહે. આથી અરજદારે મ્યુ. કમિ.શ્રીને કરેલ અરજી શ્રી નગર નિયોજક મારફતે તબદીલ થઈ ને લીબાયતઝોનને મળેલ છે તે બાબતે અરજદારને કોઈ પ્રત્યુત્તર પાઠવેલ નથી. આથી તે અરજી બાબતે સદર માહિતીનો સંદર્ભ જણાવી અન્યથા સદર અરજીનો ઉલ્લેખ કરી અરજદારને અલગ પ્રત્યુત્તર પાઠવવાનો રહે.

અરજદારની પ્રથમ અપીલ તા.૭–૨–૧૨ ધ્યાને લેતાં ૭–૦૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૨–૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી માર્ચ ૨૦૧૨ દરમ્યાન ૧૭૬ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૬૭ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૬–૧૨–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી બાબતે એક વિગતે અરજદારે મ્યુ. કમિ.શ્રીને સંબોધીને કરેલ અરજી બાબતે અરજદારને કોઈ પ્રત્યુત્તર પાઠવેલ ન હોય આરટીઆઈ કાયદાની કલમ–૬(૧) મુજબ દરેક અરજી સ્વતંત્ર હોવાથી અરજદારની તે અરજી બાબતે ફરીયાદ હકીકતમાં જણાવ્યા મુજબ પ્રત્યુત્તર પાઠવવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી નાસીરખાન સીમેન્ટવાલા,